## ડાયરેક્ટ ❤ સે

નવું કોઈ
ના મળે તો ચાલશે
પણ
મળેલાં ખોવાઈ ન જાય
તેનું ધ્યાન રાખજો

## જન્મદિને વધામણી



**નરેન્દ્ર ડી રાવલ**
પૂર્વ પ્રમુખ
શ્રી તપોધન બ્રાહ્મણ મહાસભા
મો. ૯૯૨૫૮ ૧૦૧૫૯

## ગાંધીનગર રેડક્રોસ દ્વારા પોલીટેકનીકમાં રક્તદાન શિબિરનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૫

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા તાજેતરમાં ગાંધીનગર પોલીટેકનીક ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

કુલ ૬૩ યુનિટ બ્લડ આ કેમ્પ અંતર્ગત એકત્ર કરવામાં આવ્યું હતું. યુવા દીકરીઓ અને સ્ટાફનાં બહેનોએ મોટી સંખ્યામાં રક્તદાન કરી સ્ત્રી સશક્તિકરણના અર્થને ઉજાગર કર્યો હતો. કૉલેજના પ્રિન્સિપાલક રેડક્રોસના જે એન પરીખ, ભગુભાઈ, હિતેષ રાવલ અને જીલુભાએ રક્તાદાતાઓને બેગ અને કેપ આપી રક્તદાન માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**

# ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝના વિદ્યાર્થીઓ માટે ટેકનીકલ સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૧૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ, બીસીએના વિદ્યાર્થીઓ માટે એક ટેકનીકલ સેમિનાર તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

'ટૉપ્સ ટેકનોલોજીસ'ના વિષય નિષ્ણાતોના સહયોગથી 'જાવા એપ્લેટ'નો ઉપયોગ ગેઈમ ડેવલપમેન્ટમાં કઈ રીતે થાય છે તે અંગેનો સેમિનાર 'ગેઈમ ડેવલપમેન્ટ યુઝીંગ ઈન્ટરેક્ટીવ એપ્લેટ' શિર્ષક હેઠળ યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં કુલ ૩૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અહીં વિદ્યાર્થીઓને 'જાવા એપ્લેટ'ની મદદથી 'બાઉન્સિંગ બોલ', 'ટ્રાફિક સિગ્નલ' અને 'ટીક ટેક ટો' ગેઈમ્સ ડેવલપ કરવા અંગે માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આ સેમિનારનું સફળ સંચાલન કૉલેજનાં ડિરેક્ટર ડૉ. સંજયભાઈ એમ શાહના માર્ગદર્શન હેઠળ પ્રૉ. રૂપેશ વ્યાસ, પ્રૉ. પૂજા જોષી, પ્રૉ. પલક પટેલ અને પ્રૉ. નિધિ દિવેચા દ્વારા કરવામાં આવ્યું હતું.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# જે બી શાળામાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં નોન ફાયર કૂકીંગ, બર્થ ડે કાર્ડ મેકીંગ અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુયં હતું, જેમાં ધોરણ૬થી ૮ના ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ પ્રકારનાં સ્વાદિષ્ટ રાયતા, ગ્રીન સલાડ, ફળફળાદિ અને ફણગાવેલાં કઠોળ દ્વારા વિવિધ ડીશ સજાવી પૌષ્ટિક ખાણું તૈયાર કર્યુ હતું અને સુંદર બર્થ-ડે કાડ્ઝ બનાવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ સાથે મળીને સુંદર રંગોળીનું સર્જન પણ કર્યું હતું.

સ્પર્ધાને અંતે સર્વશ્રેષ્ઠ પૌષ્ટિક ડીશ તૈયાર કરનાર, સુંદર કાર્ડ બનાવનાર અને સુંદર રંગોળી બનાવનાર વિદ્યાર્થીઓની પસંદગી વિજેતા તરીકે કરવામાં આવી હતી. સ્પર્ધાઓમાં ભાગ લેનારા તથા વિજેતા બનનારા તમામ વિદ્યાર્થીઓને આચાર્ય નીવાબેન પટેલે શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## બાળવિજ્ઞાન કોંગ્રેસમાં એમ બી પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલનો પ્રોજેક્ટ રાજ્યકક્ષાએ પસંદગી પામ્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના અમરાપુરા બુનિયાદી કન્યા વિદ્યાલય ગ્રામભારતી ખાતે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું, તેમાં ગાંધીનગર શહેરની એમ બી પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન સમયે હેમ રેડિયો સંલગ્ન ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઑફ એમેચ્યોર રેડિયો સંસ્થાની ભૂમિકા સંદર્ભમાં પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ રાજ્યકક્ષાએ પસંદગી પામ્યો હતો.

આ પ્રોજેક્ટ માટે વિદ્યાર્થીનીઓએ એમેચ્યોર રેડિયો સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધી હતી અને તેના દ્વારા આપત્તિ સમયે થતી વિવિધ કામગીરી અંગે તેમણે જાત માહિતી મેળવી હતી. આ પ્રોજેક્ટમાં શાળાની વિદ્યાર્થીની હેલી પટેલ (ટીમ લીડર), કશિષ શાહ, વિશ્વા શાહ, મેશ્વા પટેલ, મનસ્વી સોલંકી અને માર્ગદર્શક શિક્ષક શિલ્પાબેન ત્રિવેદી દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી. શાળા પરિવાર વતી આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થીનીઓ તથા માર્ગદર્શક શિક્ષક શિલ્પાબેનને અભિનંદન તથા રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત

# જિગર રાણા લિખિત-દિગ્દર્શિત નાટક 'સંધાન'નું મંચન અમદાવાદમાં કરાયું




ગાંધીનગર, તા. ૧૫

ભારતીય વિદ્યા ભવન, અમદાવાદ નું સાંસ્કૃતિક એકમ 'ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટ્સ' અનેક સાંસ્કૃતિક પ્રવૃતિઓનું જાહેર આયોજન કલા અને સંસ્કૃતિનું સંવર્ધન કરવાના એકમાત્ર આશયથી કરે છે. ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ તમામ કલા-પ્રકલ્પોને યોગ્ય મંચ પૂરું પાડવું, અનુભવી અને ગૌરવ સમાન કલાકારોને યથોચિત સ્મૃતિ અર્પણ કરવી તેમજ નવા અને ઊગતા કલાકારોને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું એ આ સંસ્થાનું મૂળભૂત ધ્યેય છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા યુવા પ્રતિભાશાળી દિગ્દર્શક યોજના અંતર્ગત પુરસ્કૃત નાટક 'સંધાન' કે જે મૂળ પ્રત 'સેટલમેન્ટ'નું સ્વરૂપ છે તેનું જાહેર મંચન તારીખ ૧૩ ઓક્ટોબર, ૨૦૧૭, શુક્રવારના રોજ ભવન્સ જે. એ. ઓડિટોરિયમમાં રાત્રે ૮.૩૦ કલાકે કરવામાં આવ્યું હતું.

ભારતીય સંવિધાન દ્વારા અધિકારીત પોલીસ વિભાગ અને વકીલાત એ બંને વચ્ચે સત્ય, અસત્ય, યોગ્ય-અયોગ્ય વગેરે જેવા પાસા ઉપર પ્રકાશ પાડતા આ તદ્દન મૌલિક નાટકનું લેખન અને દિગ્દર્શન જીગર રાણાએ કર્યું હતું. જ્યારે ગુજરાતી નાટ્ય જગતના જાણીતા કલાકારો સત્યેન્દ્ર પરમાર, કુંતલ પરમાર, ઈરફાન શેખ, આરવ રાજપૂત, મૌલિક વ્યાસ, નિરાલી જોશી, નીરવ વેગડા, કશીશ સૈયદ્ઢ અને મહર્ષિ ઝવેરીએ આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. સંગીત નિયોજન ધ્રુમિલ ચૌહાણનું હતું, મંચ સજ્જા કશ્યપ વાણિયા દ્વારા કરવામાં આવી હતી. આ નાટકને ટેકનિકલ સહયોગ અધીર સૈયદ્ઢ દ્વારા પ્રાપ્ત થયો હતો.

જાહેર જનતા માટે તદન નિશુલ્ક એવા આ આયોજનમાં ખીચોખીચ ભરેલા હોલમાં તમામ પ્રેક્ષકોએ નાટકને વખાણ્યું હતું તેમજ આવા સમાજોપયોગી નાટકોનું વધારે નિર્માણ થાય તેવો સૂર એકસાથે વ્યક્ત કર્યો હતો.

# ફાર્મસી અભ્યાસક્રમને કૌશલ્યલક્ષી બનાવવા માટે સમિતિની રચના

ગાંધીનગર, તા. ૧૫

ફાર્મસીના અભ્યાસક્રમને કૌશલ્યો-લક્ષી બનાવવા માટે વિશેષ સમિતિની રચના કરવાનો નિર્ણય શનિવારે મળેલી ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ઑફ ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ)ના ફાર્મસી વિભાગની સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં લેવાયેલા અન્ય મહત્ત્વના નિર્ણયમાં ફાર્મસી અભ્યાસ માટે એઆઈસીટીઈ અને ફાર્મસી કાઉન્સિલ વચ્ચે સુસંગતતા-એકરૂપતા લાવવા ટૂંક સમયમાં બેઠક યોજવાની બાબતનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત એન્જિનિયરિંગની જેમ હવે ફાર્મસીના અભ્યાસમાં પણ ઈનોવેશન અને સ્ટાર્ટ અપના મુદ્દાઓને પ્રોત્સાહન આપવા શ્રેણીબદ્ધ પગલાં લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. નવીન શેઠ કે જેઓ એઆઈસીટીઈના ફાર્મસી વિભાગના વડા છે, તેમના અધ્યક્ષપદે યોજાયેલી બેઠકમાં ભારત સરકારના ડેપ્યુટી ડ્રગ કંટ્રોલર ઑફ ઈન્ડિયા અરવિંદ કુકરેતી, ગુજરાત ડ્રગ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશનના ડૉ. શ્રેણિક શાહ, ચંડીગઢના પ્રો. કરણ વશિષ્ઠ તેમજ મેડમ ડિસોઝા, પૉંડિચેરીની મધર ટેરેસા યુનિવર્સિટીના ડૉ. વી. ગોપાલ અને જીટીયુના ફાર્મસી વિભાગના ડીન ડૉ. સી.એન. પટેલ સહિતના અગ્રણીઓએ ચર્ચા વિચારણા કરી હતી. ફાર્મસીના કોર્સને કૌશલ્યો-લક્ષી બનાવવા માટે સ્થાપવામાં આવેલી વિશેષ સમિતિમાં એસએનડીટી યુનિવર્સિટીના પરીક્ષા નિયામક ડૉ. ગાભે અને પૉંડિચેરીની મધર ટેરેસા યુનિવર્સિટીના ડૉ. વી. ગોપાલનો સમાવેશ થાય છે. આ સમિતિ ફાર્મસીના વિવિધ કોર્સને સ્કીલ-ઓરિયેન્ટેડ કેવી રીતે બનાવવા તેનો પ્લાન ઘડી કાઢશે. આ બેઠકમાં લેવાયેલા અન્ય મહત્ત્વના નિર્ણયમાં ફાર્મસીના અભ્યાસમાં પણ ઈનોવેશન અને સ્ટાર્ટ અપના મુદ્દાઓને પ્રોત્સાહન આપવા શ્રેણીબદ્ધ પગલાં લેવાનો નક્કી કરવામાં આવ્યું હતું.

### ભૂદેવોની લાડુ સ્પર્ધા

# ૩૦ મિનિટમાં ૨૩ લાડુ ખાનાર વિજેતા

**બ્રહ્મસમાજ દ્વારા સોલા ભાગવતમાં આયોજિત લાડુ સ્પર્ધામાં ૭૦ સ્પર્ધકોએ ભાગ લીધો**

ગાંધીનગર, તા. ૧૫

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા, સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ અને ભાગવત વિદ્યાપીઠ દ્વારા આયોજિત મોદક સ્પર્ધાનું આયોજન ભાગવત વિદ્યાપીઠ ખાતે શનિવારે કરવામાં આવ્યું હતું. જેમાં, ૪૦ વર્ષથી વધુ વયની કેટેગરીમાં અમદાવાદના જયેશ મહેતાએ ૩૦ મિનિટમાં ૨૩ લાડુ ખાઈને પ્રથમ વિજેતા રહ્યા હતા. ૨૦ વર્ષથી નીચેની કેટેગરીમાં ભાગવત વિદ્યાપીઠના ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં ઋષિકુમાર વૈભવ ત્રિવેદી ૧૧ લાડુ ખાઈને વિજેતા રહ્યા હતા. મહિલા કેટેગરીમાં રેખાબેન પંડ્યાએ સાત લાડુ ખાઈ વિજેતા બન્યા હતા.

આ સ્પર્ધામાં મહિલા અને બાળકો સહિત ૭૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજનાં પ્રમુખ ચૈતન્યશંભુ મહારાજ, મહામંત્રી યજ્ઞેશભાઈ દવે, મનીષ ત્રિવેદી, ઉન્મેશભાઈ દીક્ષિત સહિત બ્રહ્મસમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજનાં પ્રમુખ ચૈતન્યશંભુ મહારાજે જણાવ્યું કે આજના ફાસ્ટફૂડ અને જંકફૂડના સમયમાં પ્યોર ફૂડ તરફ લોકોનો ઝુકાવ થાય તે જરૂરી છે. ખાસ કરીને આપણી પ્રાચીન પરંપરા જળવાય તેનો પણ હેતુ છે. આજના યુવાનો પેકેટ ફૂડ અને ટિન ફૂડ ખાતાં થઈ ગયા છે, તેવા સમયમાં આ મોદક એક પૌષ્ટિક અને આરોગ્યપ્રદ આહાર છે. સામાન્ય રીતે બ્રાહ્મણ અને લાડુ એક સિક્કાની બે બાજુ છે. બ્રાહ્મણને યાદ કરો એટલે લાડુ યાદ આવે અને લાડુને યાદ કરો એટલે બ્રાહ્મણ યાદ આવે. સમયે-સમયે આ પ્રકારની સ્પર્ધા થતી રહે છે. આ સ્પર્ધામાં જેમણે ભાગ લીધો છે, તે બધાને હું અભિનંદન આપું છું કે તમે હોંશભેર ભાગ તો લીધો છે. સાથે જ સમાજમાં આ પ્રકારના જે કાર્યક્રમો થાય છે, તેના માધ્યમથી સમાજનાં લોકો સંગઠિત બને અને એક છત્ર નીચે બેસીને ભોજન કરીને સમાજના ઉત્થાન માટેના કાર્ય કરે તે માટેનો હેતુ રહેલો છે.

યજ્ઞેશભાઈ દવેએ જણાવ્યું હતું કે લાડુ એ બ્રાહ્મણનું પ્રતીક છે. બાળપણથી ઘડપણ સુધીનો સ્વાદનો સથવારો છે.

આ સ્પર્ધામાં સાત વર્ષની દીકરીથી માંડીને ૭૨ વર્ષના વડીલ જોડાયા હતા. મોદક સ્પર્ધામાં ખરેખર પેઢીગત સાંસ્કૃતિક વારસો ટકાવી રાખવાની મહેચ્છામાં વાત્સલ્યસભર સ્પર્ધા કરી હોય તેવું લાગી રહ્યું હતું. આ પ્રસંગે ભાગવત વિદ્યાપીઠના ઋષિકુમારોએ 'હર હર મહાદેવ'નો જયઘોષ કર્યો હતો. સાથે જ બ્રહ્મસમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# દેશની સર્વશ્રેષ્ઠ ૨૦ યુનિ.ને ૧૦ હજાર કરોડનું ભંડોળ અપાશે

ગાંધીનગર, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની ૨૦ સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટીને રૂા. ૧૦,૦૦૦ કરોડનું ભંડોળ આપવાની જાહેરાત કરી છે. ૧૦ ખાનગી અને ૧૦ સરકારી યુનિવર્સિટીઓને વિશ્વ સ્તરની બનાવવા માટે પાંચ વર્ષમાં આ ભંડોળ જારી કરાશે. પટણા વિશ્વવિદ્યાલયના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે યોજાયેલા સમારંભમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને પીએમ મોદી એક મંચ પર જોવા મળ્યા હતા. મોદીએ નીતીશની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે બિહાર જ્ઞાન અને ગંગાની ભૂમિ છે. તેમણે કહ્યું કે ૨૦૨૨ સુધીમાં બિહારને સમૃદ્ધ રાજ્ય બનાવવાનું છે.

નીતીશકુમારે વડાપ્રધાનને પટણા યુનિવર્સિટીને સેન્ટ્રલ યુનિવર્સિટીનો દરજ્જો આપવાની માગણી કરી હતી. વિદ્યાર્થીઓએ તાળીઓના ગડગડાટથી તેમને સાથ આપ્યો તો જાહેરાત માટેનો માહોલ પણ તૈયાર થઈ ગયો હતો. પરંતુ મોદીએ આ માગણીને જૂની કહીને વધુ 'મોટી ઓફર' કરી દીધી હતી. તેમણે કહ્યું કે દેશની ૨૦ સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટીની યાદી બનાવવામાં આવશે અને તેમને ₹ ૧૦,૦૦૦ કરોડનું ભંડોળ આપવામાં આવશે. યુનિવર્સિટીઓ વચ્ચે સારા ટેલેન્ટ બહાર લાવવા માટે સ્પર્ધા થશે અને જે યુનિવર્સિટી સૌથી સારી કામગીરી કરશે તે ટોચની યુનિવર્સિટીઓને આ ફંડ આપવામાં આવશે. આ અવસરે વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'અગાઉના કેટલાક વડાપ્રધાનો' મારા માટે સારું કામ છોડી ગયા છે. પટણા યુનિવર્સિટીએ દેશને કેટલાક જાણીતા ચહેરા આપ્યા છે.

બિહારમાં સરસ્વતીની કૃપા છે અને અહીં લક્ષ્મીજીની કૃપા પણ થઈ શકે છે. જેમાં કેન્દ્ર સરકાર બિહારને સંપૂર્ણ સહયોગ કરશે. આપણે ૨૦૨૨ સુધીમાં બિહારને સમૃદ્ધ રાજ્ય બનાવવાનું છે.તેમણે કહ્યું કે વિશ્વની ટોચની ૫૦૦ યુનિવર્સિટીમાં ભારતની એક પણ યુનિવર્સિટી નથી. ૨૦ યુનિને ₹ ૧૦,૦૦૦ કરોડનું ભંડોળ આપવાની દરખાસ્ત છે. યુનિ.ઓને પ્રદર્શનના આધારે નાણાં ફાળવાશે.

### શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

# શામળાજી વિસ્તારની શાળાઓમાં સેવાકાર્ય







ગાંધીનગર, તા. ૧૫

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની ૧૧ સ્કૂલ્સનાં આશરે ૯૦૦ બાળકોને સ્વર્ણપ્રાશથી આવરી લેવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે દર મહિને આ બાળકોને સુવર્ણપ્રાશનનો લાભ સંસ્થા દ્વારા આપવામાં આવે છે. આ સેવાકાર્ય માટે સંસ્થાને અમદાવાદની સંસ્થા વસુદેવ કુટુંબકમ ટ્રસ્ટ દ્વારા સૌજન્ય પ્રાપ્ત થઈ રહ્યું છે. સંસ્થા દ્વારા આ ઉપક્રમ ઉપરાંત અણસોલમાં સૌ બાળકોને નવાં કપડાં ભેટમાં આપવામાં આવ્યાં હતાં અને છાત્રેશ્વરી તથા અણસોલમાં નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. એ ડી ઠાકર ગર્લ્સ સ્કૂલમાં પાંચ થેલા નવાં કપડાં આચાર્યને સુપ્રત કરવામાં આવ્યાં હતાં. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં મિલિન્દભાઈ, જનાર્દનભાઈ, યોગેશભાઈ તથા ગામેતીભાઈ જોડાયા હતા.

# રાજ્યની શાળાઓમાં આજથી ૨૧ દિવસનું દિવાળી વેકેશન

**૬ નવેમ્બરથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે**

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં સત્તાવાર રીતે સોમવારથી ૨૧ દિવસના દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. જોકે, શનિવારે સ્કૂલનો છેલ્લો દિવસ હોઈ હવે રવિવારથી જ દિવાળી વેકેશનનો પ્રારંભ થઈ જશે. વેકેશનના પગલે વિદ્યાર્થીઓએ અગાઉથી જ ફરવાનું પ્લાનિંગ કરી લીધું હોઈ તેઓ ફરવા ઉપડી ગયા છે. ૨૧ દિવસના વેકેશન બાદ ૬ નવેમ્બરથી શાળાઓમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. જોકે, ઘણી સ્કૂલોએ દિવાળી વેકેશન ૨૧ દિવસના બદલે ૧૫ દિવસનું જ આપ્યું છે અને તેઓ વેકેશનના અન્ય દિવસો ક્રિસમસ વેકેશન વખતે સરભર કરતા હોય છે. આમ, શનિવારે સ્કૂલમાં શૈક્ષણિક કાર્યનો છેલ્લો દિવસ હોઈ વિદ્યાર્થીઓએ દિવાળી સેલિબ્રેશન સાથે સ્કૂલના છેલ્લા દિવસની મજા માણી હતી.

સ્કૂલોમાં સોમવારથી સત્તાવાર રીતે દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. જોકે મોટાભાગની સ્કૂલોમાં શનિવારથી જ દિવાળી વેકેશનનો માહોલ જામી ગયો હતો. શાળાઓમાં પ્રથમ શૈક્ષણિક સત્ર પૂર્ણ થયું છે અને દિવાળી વેકેશન બાદ બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. અમુક સ્કૂલોએ દિવાળી વેકેશન પહેલા જ પ્રથમ કસોટીના પરિણામો જાહેર કરી દીધા છે. જ્યારે મોટાભાગની સ્કૂલો બીજા સત્રના પ્રારંભ વખતે પરિણામો જાહેર કરશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

રાજ્યની સ્કૂલોમાં સત્તાવાર રીતે દિવાળી વેકેશનનો પ્રારંભ ૧૬ ઓક્ટોબરથી થશે અને ૫ નવેમ્બર સુધી દિવાળી વેકેશન ચાલશે. ત્યાર બાદ ૬ નવેમ્બરથી રાજ્યની સ્કૂલોમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. બીજા શૈક્ષણિક સત્રમાં અભ્યાસના ૧૪૦ દિવસ રહેશે. શનિવારે સ્કૂલમાં શૈક્ષણિક કાર્યનો છેલ્લો દિવસ હોઈ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર સ્કૂલમાં ગયા હતા અને સ્કૂલમાં દિવાળી સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું.

સરકાર દ્વારા ૨૧ દિવસનું દિવાળી વેકેશન જાહેર કરાયું છે. પરંતુ અમુક સ્કૂલ ૧૫ દિવસનું વેકેશન રાખશે અને બાકીના દિવસો ક્રિસમસ વખતે રજા આપી સરભર કરશે એવા સમાચાર મળ્યા છે.